# <u>મે. સુરતના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ બીજી કોર્ટ, સુરત</u>

**ફોજદારી કેસ નં.૧૦૭૪૫/૨૦૨૨**

**ફરીયાદીઃ– શ્રી સરકાર**

**વિરુદધ**

**આરોપીઃ-**
**સમીર સલીમભાઇ શેખ**

**ગુનોઃ– ઇ.પી.કો. ની કલમ–૨૮૩ મુજબ**

**<u>–:ચુકાદો:–</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટની વિગતે જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર રોડ પર પોતાનાં કબજાનું વાહન પ્રતિબંધિત વિસ્તારમાં હંકારી લાવી તે સંબંધિત પોલીસ કમિશ્નર શ્રીના જાહેરનામાંનો ભંગ કરી પકડાઇ જતાં  પકડાઇ જતાં આરોપી સામે ઇ.પી.કો. કલમ–૨૮૩ મુજબનો પોલીસે ગુનો દાખલ કરી આ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીને જામીનમુક્ત થયા બાદ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે. આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતાં હોવાથી કબુલાત પુરસીસ રજુ કરેલી છે, જે ધ્યાને લેતાં આરોપીની પ્લી લઇ આરોપીને ગુનાની હકીકતો વાંચી સંભળાવી સમજાવતાં આરોપીએ મને ગનો કબુલ છે તેમ જણાવેલું છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઇ તે નહી માનવા માટે કોઇ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઇ તેને સજા બાબત પુછતાં આરોપી જણાવે છે કે તેમનો આ પ્રથમ ગુનો છે, પોતાને આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરે છે, જે તમામ સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ:–</u>**

આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઇ.પી.કો. ની કલમ–૨૮૩ મુજબનો ગુનો કબુલ કરતાં હોય, આરોપીને તકસીરવાર ઠરાવું છુ અને આરોપીને રૂ.૧૦૦/– (અંકે રૂ. એક સો પુરા/–) દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ તેના માલીકીની ખાતરી કરી તેને સોંપી દેવો.

હુકમ આજરોજ તારીખ–૧૨–૦૩–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૨–૦૩–૨૦૨૨
સુરત

(હિમાંશુ ચૌધરી)
જે.એમ.એફ.સી.બીજી કોર્ટ,સુરત
GJ01180